# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-11-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SUNDDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1) રાજ્ય સરકાર દ્વારા આવતીકાલથી 160થી વધુ ખરીદ કેન્દ્રો પર ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી શરૂ કરાશે
2) પ્રધાનમંત્રી ઇન્ટર્નશીપ યોજના અંતર્ગત નોંધણી કરાવવાનો આજે છેલ્લો દિવસ
3) શ્રેષ્ઠ ગુણવત્તાયુક્ત સેવાઓ પુરી પાડવા બદલ સાબરકાંઠા જિલ્લાના 18 આયુષ્માન આરોગ્ય મંદિરને રાષ્ટ્રીય કક્ષાનું સર્ટિફિકેટ મળ્યું
4) કેનેડા સરકારે ફાસ્ટ ટ્રેક -SDS વિઝા પ્રોગ્રામને બંધ કરવાની જાહેરાત કરતાં લાખો વિદ્યાર્થીઓને અસર
5) અને ઐતિહાસિક શહેર વડનગરમાં બે દિવસીય તાના-રીરી સંગીત સમારોહનો આજથી પ્રારંભ

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# KHARIF PAK KHARIDI

રાજ્યભરમાં આવતીકાલથી ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદીની શરૂઆત થશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાબરકાંઠાના હિંમતનગર ખાતેથી આ ખરીદીનો શુભારંભ કરાવશે. રાજ્યમાં અંદાજે 160થી વધુ ખરીદ કેન્દ્રો પર મગફળીની ટેકાના ભાવે ખરીદી થશે. જે માટે ઓનલાન નોંધણી કરાવવાનો આજે છેલ્લો દિવસ છે. મગફળીની ખરીદી માટે અત્યાર સુધીમાં રાજ્યના કુલ 3 લાખ 33 હજારથી વધુ ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવી હોવાનું કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું.

## BYTE - રાઘવજીભાઈ પટેલ, કૃષિ મંત્રી

રાજ્ય સરકાર મગફળી ઉપરાંત  અડદ અને સોયાબિનની પણ ટેકાના ભાવે ખરીદી કરશે. વિવિધ જિલ્લાઓમાં સરકાર માન્ય ખેતીવાડી બજારોમાંથી પાકની ખરીદી કરાશે. રાજકોટમાં પડધરી અને લોધિકા તાલુકામાં APMC ના હોય તે તાલુકાની મગફળીની ખરીદી રાજકોટ APMC ખાતે કરાશે. કોટડાસાંગણી તાલુકાની ખરીદી ગોંડલ APMC ખાતે જ્યારે બાકીના તાલુકાની મગફળીની ખરીદી જે તે તાલુકામાં કરાશે.

------------------------------------------------------------------------

- માહિતી ખાતુ - રાજકોટ પીટીસી -0 સુનિતા

-(NAVIN)

# PM INTERNSHIP SCHEME

રોજગાર મેળવવા ઇચ્છૂક ઉમેદવારો માટે પીએમ ઇન્ટર્નશીપ યોજના માટે અરજી કરવાનો આજે છેલ્લો દિવસ છે.

ઉમેદવારો www.pminternship.mca.gov.in પર ઓનલાઇન અરજી કરી શકે છે. નોંધણી માટે ઉમેદવારે પોર્ટલ પર પોતાનો પ્રોફાઇલ બનાવવાનો રહેશે, આંધારકાર્ડ, બેંક અકાઉન્ટ અને શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો વિગેરે વિગતો ભરવાની રહેશે. લાભ મેળવવા ઇચ્છુક ઉમેદવારના પરિવારમાંથી  કોઈ સરકારી નોકરી કરતા ન હોવા જોઈએ, અને પરિવારની વાર્ષિક આવક મર્યાદા 8 લાખ કે તેથી વધારે હોવી જોઈએ. પસંદગી પામેલા ઇન્ટર્નને કેન્દ્ર સરકાર દ્વારા માસિક 4500 રૂપિયા અને કંપની દ્વારા 500 રૂપિયાની રકમ ચૂકવવામાં આવે છે. એક વખત માટે 6000 રૂપિયાનું અનુદાન તેમજ પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના અને પ્રધાનમંત્રી સુરક્ષા વીમા હેઠળ વીમા કવચ આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત ઉમેદવારોને 12 મહિના સુધી અગ્રણી કંપનીઓમાં ઇન્ટર્નશીપ કરવાની તક મળે છે.

---------------------------------------------------------------------

- માહિતી ખાતુ – સુનિતા

-(NAVIN)

# SABARKANTHA – NQAS

આરોગ્ય ક્ષેત્રે શ્રેષ્ઠ ગુણવત્તાયુક્ત સેવાઓ પુરી પાડવા બદલ સાબરકાંઠા જિલ્લાના 18 આયુષ્માન આરોગ્ય મંદિરને રાષ્ટ્રીય કક્ષાનું નેશનલ ક્વૉલીટી એશ્યોરન્સ સર્ટિફિકેટ NQAS મળ્યું છે. સાબરકાંઠા જિલ્લાએ સમગ્ર રાજ્યમાં NQAS મેળવવામાં અગ્રીમ હરોળમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. NQAS મળવાથી જિલ્લાની યશકલગીમાં વધુ એક મોરપીંછ ઉમેરાયું છે. અત્યાર સુધી જિલ્લામાં કુલ 46 આયુષ્માન મંદિરોને **NQAS** મળ્યા છે.

કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગ દ્વારા દર વર્ષે સરકારી આરોગ્ય સેવાઓ પુરી પાડતી જુદી જુદી સંસ્થાઓને NQAS આપવામાં આવે છે.

સાબરકાંઠા જિલ્લાના અમારા પ્રતિનિધિ યોગેશ સથવારા જણાવે છે કે **NQAS** માટે રાષ્ટ્રીય કક્ષાએથી ટીમની નિમણૂક કરવામાં આવે છે, જે નક્કી કરેલા સેન્ટરોની મુલાકાત લઇને જરૂરી મુદ્દાઓની ચકાસણી કરે છે. જેનો મુખ્ય આશય દર્દીઓને ગુણવત્તાસભર સેવાઓ આપવાનો છે.

---

- રીપીટ

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

......................................

# CM PROGRAM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે વિવિધ સામાજિક કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. તેઓ ગાંધીનગરના અંબાપુર ખાતે ચોર્યાસી સમાજ સંસ્કાર સંકુલ અર્પણ સમારોહમાં હાજરી આપશે. શ્રી પટેલ આજે સાંજે વડોદરાના નવલખી મેદાન ખાતે પૂજ્ય દાદા ભગવાન 117મો જન્મ જયંતી મહોત્સવનો પ્રારંભ કરાવશે. આ પ્રસંગે તેઓ સ્મારક ટિકિટ પણ જાહેર કરશે.

------------------------------------------------------------------------

- ડેસ્ક કરણ

-(NAVIN)

# CANADA-VISA

કેનેડા સરકારે તેના સ્ટુડન્ટ ડાયરેક્ટ સ્ટ્રીમ-SDS વિઝા પ્રોગ્રામને બંધ કરવાની જાહેરાત કરી છે. SDS એ અભ્યાસ માટે પરમિટ મેળવવા માંગતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે મુખ્ય માર્ગ છે.

સત્તાવાર વેબસાઇટ પર, કેનેડા સરકારે જણાવ્યું હતું કે તમામ દેશોના વિદ્યાર્થીઓ માટે આ કાર્યક્રમ બંધ કરવામાં આવશે. કેનેડા સરકારના આ પગલાથી ભારતીય વિદ્યાર્થીઓ સહિત આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને અસર થવાની ધારણા છે, એક અનુમાન મુજબ દેશમાં ચાલી રહેલી આવાસ અને સંસાધનોની અછતને પહોંચી વળવાના પ્રયાસોના ભાગરૂપે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

SDS પ્રોગ્રામ 2018 માં ઇમિગ્રેશન, રેફ્યુજીસ અને સિટીઝનશિપ કેનેડા દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો. તે 14 દેશોના વિદ્યાર્થીઓ માટે અભ્યાસ પરમિટની અરજીઓને ઝડપી-ટ્રેક કરવા માટે બનાવવામાં આવ્યો હતો. આ દેશોમાં બ્રાઝિલ, ચીન, કોલંબિયા, કોસ્ટા રિકા, ભારત, મોરોક્કો, પાકિસ્તાન, પેરુ, ફિલિપાઇન્સ અને વિયેતનામનો સમાવેશ થાય છે. આ પ્રોગ્રામ હેઠળ અરજી પ્રક્રિયા ઝડપી હતી, જેનાથી કેનેડિયન શૈક્ષણિક સંસ્થાઓમાં ઝડપી પ્રવેશનો માર્ગ મોકળો થયો હતો.

---

- પૂલ/રૂપલ -દુર્ગેશ

# SELF HELP GROUP

રાજ્યમાં ગ્રામીણ મહિલાઓ સ્વ-સહાય જૂથની રચના કરીને "આત્મનિર્ભરતા" તરફ ડગ માંડી રહી છે. રાજ્યમાં ૩ લાખથી વધુ સ્વ-સહાય જૂથો કાર્યરત છે. ૩૦ લાખથી વધુ ગરીબ મહિલાઓના આર્થિક ઉન્નતિના દ્વાર ખૂલ્યા છે.

અત્યાર સુધીમાં રાજ્યના કુલ ૧ લાખ ૧૮ હજારથી વધુ સ્વ-સહાય જૂથોને ૩૭ હજાર ૬૬૭ કરોડ રૂપિયાથી વધુની કેશ ક્રેડિટ આપવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા અત્યાર સુધીમાં ૨ લાખથી વધુ સ્વ-સહાય જૂથોને ૧૮૨ કરોડ થી વધુ રિવોલ્વિંગ એટલે કે ફરતુ ફંડ આપવામાં આવ્યું છે.

રાજ્યમાં ૧ લાખ ૨૮ હજારથી વધુ સ્વ-સહાય જૂથોને અત્યાર સુધીમાં ૭૫૩ કરોડ ૪૩ લાખ રૂપિયાથી વધુની કોમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ એટલે કે સમુદાય મૂડીરોકણ ભંડોળ ફાળવવામાં આવ્યું છે.

રાજ્યમાં કુલ ૧૧ હજાર ૧૫૧ ગ્રામ સંગઠનો અને ૯૨૩ જેટલા ક્લસ્ટર કક્ષાના ફેડરેશન પણ કાર્યરત છે. રાજ્યના કુલ ૩૩ જિલ્લામાં સ્વ-સહાય જૂથો માટે ૩૩ સરસ મેળા યોજાયા હતા. જેમાં સ્વ-સહાય જૂથો દ્વારા ૩ કરોડ ૬૫ લાખ રૂપિયાથી વધુનું વેચાણ થયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વ-સહાય જૂથની પ્રેરણા આપી હતી. આવા સ્વ-સહાય જૂથોને રાજ્ય સરકાર તરફથી જરૂરી તમામ સહાય આપીને સખીમંડળો સાથે જોડાયેલી મહિલાઓને આત્મનિર્ભર કરવાનો દેશમાં આ નવો પ્રયાસ રાજ્ય સરકારે કર્યો હતો.

---

- રીપીટ

# TANA RI RI MAHOTSAV

ઐતિહાસિક શહેર વડનગરમાં બે દિવસીય તાના-રીરી સંગીત સમારોહનો આજથી પ્રારંભ થશે. આ વર્ષે એવોર્ડ તાના-રીરી સમારોહમાં ખ્યાતનામ મહિલા પ્રતિભા સુશ્રી વિદુષી પદ્મા સુરેશ તલવલકર અને ડો. પ્રદીપ્તા ગાંગુલીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ એનાયત કરશે.

તાના-રીરી એવોર્ડથી સન્માનિત શાસ્ત્રીય સંગીતની મહિલા પ્રતિભાઓને અઢી લાખ રૂપિયાનો રોકડ પુરસ્કાર, તામ્રપત્ર અને શાલ અર્પણ કરવામાં આવશે. એવોર્ડ સમારોહમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી મુળુભાઇ બેરા અને ગૃહમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહેશે.

રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ શરૂ કરેલા તાના-રીરી મહોત્સવમાં દેશના પ્રખ્યાત કલાકારો સંગીતકલા રજૂ કરે છે. આજે નીરજ અને અમી ગ્રુપ તેમજ મૈથિલી ઠાકુર શાસ્ત્રીય ગાયન અને જાણીતા લોકગાયક ઓસમાણ મીર તેમના ગાયનથી શ્રોતાઓને ડોલાવશે. આવતીકાલે શશાંક સુબ્રમણ્યમ વાંસળી વાદન અને પાર્થિવ ગોહિલ ગ્રુપ સંગીતના સુરો રેલાવશે.

---

- રીપીટ

# World Public Transport Day

વિશ્વ જાહેર પરિવહન દિવસની આજે ઉજવણી કરવામાં આવી રહી છે. આ દિવસનો ઉદ્દેશ્ય સુલભ, કાર્યક્ષમ અને ટકાઉ પરિવહન પ્રણાલીના મહત્વને પ્રકાશિત કરવાનો છે. જાહેર પરિવહનથી બળતણની ઓછી ખપત અને પૈસાની બચત પણ થાય છે, ત્યારે જાહેર પરિવહનનો મહત્તમ ઉપયોગ થાય તે હિતાવહ છે.

ગુજરાતના જાહેર પરિવહનની જીવાદોરી ગણાતી ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ લિમિટેડ એટલે કે GSRTCની બસ સેવાનો લાભ ૧૮ લાખ ૨૧ હજાર ગ્રામીણ અને ૪૬ હજાર શહેરી મુસાફરો તથા ૮ લાખ ૩૦ હજાર વિદ્યાર્થીઓ મળીને કુલ ૨૭ લાખ ૧૮ હજાર નાગરિકો લઈ રહ્યા છે. એસ.ટી. વિભાગ દ્વારા 8 હજાર ૩૨૦ બસ અને ૪૨ હજાર ૦૮૩ ટ્રીપના માધ્યમથી ૩૪ લાખ બાવન હજાર કિલોમીટરનો પ્રવાસ ખેડવામાં આવે છે. ગુજરાતના ૧૮ હજાર ૩૬૭ ગામડાઓ એટલે કે ૯૯.૩૪ ટકા ગામડાઓને એસ.ટી. નિગમે આવરી લીધા છે. GSRTCના રાજ્યમાં કુલ ૧૬ ડિવિઝન, ૧૨૫ બસ ડેપો, ૧૫૧ બસ સ્ટેશન્સ અને ૧ હજાર ૫૫૪ જેટલા પીકઅપ સ્ટેન્ડ આવેલા છે. **નાગરીકોના પરિવહન ક્ષેત્રે સુવિધામાં વધારો કરવા છેલ્લા બે વર્ષમાં એસ.ટી નિગમ દ્વારા ૨૭૮૭ જેટલી નવીન બસો કાર્યરત કરવામાં આવી છે. જેમાં ઇલેક્ટ્રિક બસોનો સમાવેશ કરાયો છે.**

આ સાથે જ અમદાવાદ અને ગાંધીનગર જેવાં મેગાસિટી માટે મેટ્રો ટ્રેન એક જાહેર પરિવહનન આધુનિક સાધન તરીકે ઉભરી આવી છે. શહેરોના વિકાસ સાથે વધતી જતી વસ્તી અને ટ્રાફિક સમસ્યાને ધ્યાનમાં રાખીને મેટ્રો ટ્રેન એક નવીનતમ અને કાર્યક્ષમ પરિવહન વ્યવસ્થા તરીકે જનતા માટે આશીર્વાદરૂપ બની છે.

---

- યાદી કરણ

-(NAVIN)

# GUJARAT GDP EGROWTH

દેશના ઉદ્યોગોમાં ગુજરાતનો ફાળો 14.78 ટકા છે. ઉદ્યોગો બાબતે ગુજરાત 3 લાખ, 24 હજાર કરોડ રૂપિયાના યોગદાન સાથે બીજા ક્રમાંકે છે. ઉદ્યોગો અંગેના વાર્ષિક સર્વેક્ષણ 2022-23 અનુસાર મહારાષ્ટ્રના ઉદ્યોગો વિકાસમાં 3 લાખ 58 હજાર કરોડ રૂપિયાના યોગદાન સાથે પ્રથમ ક્રમાંકે છે.

આ સર્વેક્ષણ પ્રમાણે ગુજરાતમાં 4 હજાર, 902 ફેક્ટરીઓ એવી છે, જ્યાં 100થી વધુ કર્મચારીઓ કામ કરે છે. કુલ 23 લાખ, 34 હજાર લોકો ઉદ્યોગો સાથે જોડાયેલા છે, જેમાંથી 18. લાખ જેટલા કામદારો છે. કુલ 11 લાખ 37 હજાર કર્મચારીઓ સીધા જોડાયેલા છે, જેમાં 10 લાખ 53 હજાર પુરુષો જ્યારે 84 હજાર, 266 મહિલા કામદારો સામેલ છે.

---------------------------------------------------------------------

- ડેસ્ક – સુનિતા

-(NAVIN)

# HARIBHAI PATEL

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ ખાતે સાત દિવસીય રાષ્ટ્રીય એકતા શિબિરનો પ્રારંભ થયો છે. મહેસાણાના સાંસદ હરિભાઈ પટેલે દીપ પ્રાગટ્ય કરી આ રાષ્ટ્રીય શિબિરને ખુલ્લી મૂકી હતી.

આ પ્રસંગે યુનિવર્સિટી કેમ્પસમાં એનએસએસ રેલી પણ યોજાઇ હતી. આ એકતા શિબિરમાં સમગ્ર દેશમાંથી ૧૧ રાજ્યો અને ૧ કેન્દ્રશાસિત પ્રદેશના મળી કુલ ૨૧૦ એન.એસ.એસ. સ્વયં સેવકો ભાગ લઇ રહ્યા છે. આ શિબિર દરમિયાન "માય ભારત પોર્ટલ" વિષય પર વ્યાખ્યાન, “વિકસિત ભારત” વિષય પર મોનો એક્ટિંગ અને પોસ્ટર મેકિંગ સ્પર્ધા, વેશભૂષા સ્પર્ધા સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ રજુ કરવામાં આવશે.

આ પ્રસંગે સાંસદ હરિભાઈ પટેલે આ મુજબ જણાવ્યું ..

(HARIBHAI PATEL BYTE)

---------------------------------------------------------------------

- પીટીસી પાટણ – કરણ -(NAVIN)

# rajkot peta arogya kendra

જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ રાજકોટ જિલ્લાના વિંછીયા તાલુકાના ગોરૈયા ગામ ખાતે રૂ. ૨૭.૨૮ લાખના ખર્ચે નિર્માણ પામનારા પેટા આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત કર્યું હતું.

આ આરોગ્ય કેન્દ્ર ખાતે હોસ્પિટલ વિભાગમાં લેબર રૂમ, વેઇટિંગ એરિયા, એકઝામિન રૂમ તેમજ રહેઠાણ વિભાગમાં લિવિંગ-બેડ રૂમની સુવિધા ઉપલબ્ધ કરાશે. આ તકે મહાનુભવોના હસ્તે વિચરતી-વિમુક્ત જાતિના ૬ પરિવારોને રહેણાંક હેતુસર વિનામૂલ્યે ૧૦૦ ચો. વાર પ્લોટનું સનદ વિતરણ કરાયું હતું.

આ પ્રસંગે શ્રી બાવળિયાએ જસદણ-વિંછીયા પંથકના અંતરિયાળ ગામોના સર્વાંગી વિકાસ માટે સરકાર સતત પ્રયાસશીલ હોવાનું જણાવ્યું હતું .

---

- ઇન્ફો રાજકોટ

-(NAVIN)